| No. | 2021 / 0122 |
|---|---|

# જામનગર મહાનગરપાલિકા

નંબર : ...બી./૨૯/વિ.પ./ ૯૫ /૨૦૨૧–૨૨

તારીખ : ૨૮ /૦૫/૨૦૨૧

જુઓ નિયમ નંબર – ૫ – ૧

## ફોર્મ નં. ૫ : વિકાસ કાર્યની મંજુરી

ગુજરાત નગર આયોજન અને વિકાસ માટેના ૧૯૭૬ ના પ્રેસીડેન્ટ એકટ નં.૨૭ ની કલમ ૨૯(૧) : ૨૯(૧)(૨) : ૨૯(૧)(૩) અથવા ૪૯ (૧)(બી) તથા ધી બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૨૫૩–૨૫૪ મુજબ પરવાનગી આપવામાં આવે છે.

પ્રતિ : માન.કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર.

સરનામું : ઓવર બ્રીજ પાસે બેડી રોડ, બેડી જામનગર.

બાંધકામનું સ્થળ : **EWS - 1, EWS-2 પ્રધાનમંત્રી આવાસ યોજના**, રે. સ. નં. ૨૦૬/૧/પી–૧, બેડી બંદર રોડ, જામનગર.

બાંધકામનો પ્રકાર : હાઈરાઈઝ બિલ્ડીગ (G + 8 - 4 TOWERS)

બાંધકામના વપરાશનો હેતુ : રહેણાંક તથા બિનરહેણાંક

બાંધકામનું વર્ણન :–

ગ્રાઉન્ડ ફ્લોર :– ૧૧(અગીયાર) શોપ, ૪(ચાર) ડબલ્યુ.સી, ૧(એક) લેડીઝ ટોઈલેટ, ૧(એક) જેન્ટસ ટોઈલેટ, ૪(ચાર) યુરીનલ, સ્ટેર પેસેજ–ફર્સ્ટ ફ્લોર :– ૧૨(બાર) શોપ, સ્ટેર, પેસેજ–ટેરેસ ફ્લોર :– સ્ટેર કેબીન, ઓપન ટેરેસ પારાપેટ વોલ– ગ્રાઉન્ડ ફ્લોર થી ફર્સ્ટ ફ્લોર સુધી કુલ ૨૩(ત્રેવીસ) શોપ–

ગ્રાઉન્ડ ફ્લોર (ટાવર નં. A,B,C,D) :– કવર્ડ પાર્કીગ, છ સ્ટેર બાર લીફટ, રીટેઈનીગ વોલ, બે કલવર્ટ– ફર્સ્ટ ફ્લોર થી એઈટથ ફ્લોર(ટાવર નં A) :– એક લીવીગ/ડાઈનીગ રૂમ, એક બેડરૂમ, એક કિચન, એક સ્ટડી રૂમ, એક સી.બી., લીન્ટલ લોફટ, એક ડબલ્યુ.સી., એક બાથ, એક વોશ એરીયા, એવો એક એમ એક ફલોર પર **૧૬(સોળ)** ફલેટ મળી ફર્સ્ટ ફલોરથી એઈટથ ફલોર સુધીમાં કુલ ૧૨૮ (એકસો અઠયાવીસ) રહેણાંક હેતુના ફલેટ તથા દરેક ફલોર પર ત્રણ સ્ટેર, છ લીફટ તથા પેસેજ સાથેનું બાંધકામ– ફર્સ્ટ ફ્લોર થી એઈટથ ફ્લોર(ટાવર નં B,C,D ) :– એક લીવીગ/ડાઈનીગ રૂમ, એક રૂમ, એક કિચન, લીન્ટલ લોફટ, એક ડબલ્યુ.સી., એક બાથ, એક વોશ એરીયા, એવો એક એમ દરેક ટાવરમાં એક ફલોર પર **૬–૬ ફલેટ** મળી એક ફલોર પર **૧૮(અઢાર)** ફલેટ મળી ફર્સ્ટ ફલોરથી એઈટથ ફલોર સુધીમાં કુલ **૧૪૪ (એકસો ચુંમાલીસ)** રહેણાંક હેતુના ફલેટ તથા દરેક ફલોર પર ત્રણ સ્ટેર, છ લીફટ તથા પેસેજ સાથેનું બાંધકામ–

ટેરેસ ફ્લોર :– (ટાવર નં.A) માં ત્રણ સ્ટેર કેબીન, ત્રણ લીફટ કેબીન, ત્રણ મશીન રૂમ, ત્રણ વોટર ટેંક, ત્રણ ફાયર વોટર ટેન્ક, ત્રણ ફેબ્રીકેટેડ સ્ટેર તથા ઓપન ટેરેસ પારાપેટ વોલ સાથેનું બાંધકામ (ટાવર નં.B,C,D) :– ત્રણ સ્ટેર કેબીન, છ લીફટ કેબીન, છ મશીન રૂમ, ત્રણ વોટર ટેંક, ત્રણ ફાયર વોટર ટેન્ક, છ ફેબ્રીકેટેડ સ્ટેર તથા ઓપન ટેરેસ પારાપેટ વોલ સાથેનું બાંધકામ–

આમ, ઉકત વિગતોએ ગ્રાઉન્ડ ફલોર થી ફર્સ્ટ ફલોર માં કુલ **૨૩(ત્રેવીસ) શોપ**, સ્ટેર નું બિનરહેણાંક હેતુનું બાંધકામ તથા (ટાવર નં. A,B,C,D) ગ્રાઉન્ડ ફલોર થી એઈટથ ફલોર સુધીમાં **૧ થી ૪ ટાવરમાં કુલ ૨૭૨ (બસો બોતેર)** રહેણાંક હેતુના ફલેટ નું બાંધકામ તથા દરેક ફલોર પર છ સ્ટેર, બાર લીફટ તથા પેસેજ સાથેનું બાંધકામ તથા રીટેઈનીગ વોલ, બે કલવર્ટ નું બાંધકામ– અત્રેથી મંજુર થયેલ પ્લાન મુજબ કરવાની પરવાનગી આપવામાં આવે છે. કંમ્પલીશન લેતા સમયે ટેકનીકલ ઓડીટ રીપોર્ટ તથા ફાયર એન.ઓ.સી મેળવીને રજુ કરવાનો રહેશે, તથા એરફોર્સ ઓથોરીટીનું એન.ઓ.સી મેળવી લેવાનું રહેશે.

૨૬.૫.૨૧

**સીટી એન્જીનીયર**
**ટાઉન પ્લાનીગ શાખા**
**જામનગર મહાનગરપાલિકા**

આસી. ટાઉન પ્લાનર
જામનગર મહાનગરપાલિકા

નોંધ :- સદરહુ બાંધકામ જામનગર મહાનગરપાલિકાની માલિકીની જમીન પર જ સરકારશ્રીની ગ્રાંટ અંતર્ગતનું હોય, વિકાસ કાર્ય માટે કોઈ ચાર્જીસ વસુલવાના રહેતા નથી.

...le No.3-6 Responsibility of Appl...
...ant neither the grant of development
permission nor the ... of the
Plans, drawings and specifications
shall in any way ... the Applicant
of the responsibility ... carrying out
the development in accordance with
the requirement of ...



Created by Universal Document Converter

# જામનગર મહાનગરપાલિકા

**સ્ટેન્ડીંગ કમીટી ઠરાવ નાં. ૧૬૧૬ :-**

તા. ૧૧-૦૬-૨૦૨૦

પ્રધાનમંત્રીશ્રી આવાસ યોજના અંતર્ગત રે.સ. નં. ૨૦૬/૧/૧ પી. રેલ્વે ઓવર બ્રીજ પાસે વાળી જગ્યામાં ઇ.ડબલ્યુ.એસ.-૧ તથા ઇ.ડબલ્યુ.એસ.-૨ ટાઇપના આવાસો બનાવવાના કામ અંગે કમિશ્નરશ્રીની રજુ થયેલ દરખાસ્ત નં. જેએમસી/સ્લમ/૩૩/PMAY/EWS-1/2-206/1/૯૭૩/૨૦૧૯-૨૦ તા.૧૯/૦૩/૨૦૨૦ જે અન્વયે પત્ર નં.જેએમસી/સ્લમ/૩૩/PMAY/દરખાસ્ત/૨૬/૨૦૨૦-૨૧ તા.૨૧/૫/૨૦૨૦ આજરોજ કમિટી સમક્ષ વંચાણે લેવામાં આવ્યા, ચર્ચા વિચારણાના અંતે નીચેની વિગતે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

રજૂ થયેલ દરખાસ્ત મુજબ, પ્રધાનમંત્રી આવાસ યોજના યોજના અંતર્ગત EWS-1 તથા EWS-2 પ્રકારના આવાસો બનાવવા અંગે કેન્દ્ર સરકારશ્રી તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા ગાઈડ લાઈન/ ઠરાવ પ્રસિધ્ધ કરી આયોજન કરવામાં આવેલ છે, જેનો સૈધ્ધાંતિક સ્વીકાર જનરલ બોર્ડ ઠરાવ નં. ૫૬, તા. ૨૦/૦૪/૨૦૧૬ના જનરલ બોર્ડના ઠરાવથી થયેલ છે. જે અંતર્ગત જામનગર મહાનગરપાલિકા ધ્વારા EWS-1 પ્રકારના ૧૪૪ તથા EWS-2 પ્રકારના ૧૨૮ આવાસો મળીને કુલ ૨૭૨ આવાસો રે.સ.નં-૨૦૬/૧/૧/P,રેલ્વે ઓવર બ્રીજ પાસે,બેડી વાળી જગ્યામાં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેની ટેન્ડર પ્રક્રિયા સ્ટે.કમિટી ઠરાવ નં.૧૦૨૩ તા.૨૪/૧૦/૨૦૧૩ થી થયેલ ભાવોથી આર્કિટેક શ્રી શ્રી મનીષ ભાઇ રૂપારેલીયા દ્વારા જરૂરી નકશા/ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. અને સ્ટે.કમિટી ઠરાવ નં ૧૦૨૪ તા.૨૪/૧૦/૨૦૧૩ થી મંજુર થયેલ ભાવો પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ શ્રી મનીષભાઈ રૂપારેલીયા ધ્વારા આ કામના રૂા. ૨૫,૭૭,૫૬,૫૭૯/- (અંકે રૂ.પચીસ કરોડ સત્યોતેર લાખ છપ્પન હજાર પાંચસો ઓગણા એંસી પુરા)નું એસ્ટીમેઈટ SOR-૨૦૧૫-૧૬ના ભાવોથી તૈયાર કરેલ છે.

પ્રથમ પ્રયત્નમાં તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ ઈ-ટેન્ડર નોટિસથી ટેન્ડર પ્રક્રિયા કરતા સિંગલ ટેન્ડર આવેલ જેથી સ્પર્ધાત્મક ભાવો મેળવવા માટે ઈ-ટેન્ડરીંગ (બીજો પ્રયત્ન) પધ્ધતિ થી ફરી ટેન્ડર પ્રક્રિયા કરી ભાવો મંગાવવામાં આવેલ. જે અન્વયે પ્રિ-બીડ મીટીંગ તા.૨૮/૦૧/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ. જે અંગનું રોજકામ ફાઈલ આંક (C-19) ઉપર સામેલ છે અને આ અંગે કન્સલ્ટન્ટશ્રીનો અભિપ્રાય માંગવામાં આવેલ જેના આધારો ફાઈલ પાના નં.(C-૧૦) પર સામેલ છે જે મુજબ સદરહુ એજન્સી શાંતિ કન્સ્ટ્રકશન કંપની ટેકનીકલી ક્વોલીફાઈડ થતા અને આ બીજો પ્રયત્ન હોય જેથી સિંગલ પાર્ટીના ઓફર ભાવોથી ટેકનીકલ બીડ તા. ૧૧/૦૨/૨૦૨૦ના રોજ તથા પ્રાઈઝબીડ તા. ૧૩/૦૨/૨૦૨૦ ના ખોલવામાં આવેલ છે.

જેમાં પાર્ટી શ્રી (૧) શાંતી કન્સ્ટ્રકશન કંપનીના ઓફર ભાવ રૂા. ૨૮,૮૪,૭૯,૪૨૬/- (૧૧.૯૨% ઓન ભાવ) આવેલ. શાંતી કન્સ્ટ્રકશન કંપની ના આવેલ ભાવોમાં હાઉસીંગ કોસ્ટ,સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર,RCC રિટેનીંગ વોલ,બોક્સ કન્વર્ટ,અર્થ ફીલિંગ,એરિયા ડેવલોપમેન્ટ એમ છ કમ્પોનેન્ટના અલગ-અલગ ભાવો પૈકી પાર્ટીશ્રી શાંતિ કન્સ્ટ્રકશન કંપની ૧૧.૯૨% ઉંચા ભાવો આવેલ છે સદરહુ યોજનાના ટેન્ડરમાં સીક્યુરીટી,ક્લીનીગ,ગાર્ડનીગ,લીફ્ટ,ફાયર પ્રોવિઝન,ઇલેક્ટ્રીકલ તેમજ કોમન ફેસેલીટી જેવી કે વોટર સપ્લાય,

સ્લમ-હાઉસીંગ સેલ
ઈન્વર્ડ નંબર:- ૧૦૨
તારીખ:- 11/6/2020

Scanned with CamScanner
Created by Universal Document Converter

# જામનગર મહાનગરપાલિકા

(૨)

ક્લોરિનેશન,અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ વર્ક વિગેરે સુવિધાની ઓપરેશન તથા મેઈન્ટેનન્સની જવાબદારી લોકાર્પણ થયા બાદ ત્રણ વર્ષ સુધી એજન્સીની રહેશે. તેવી જોગવાઈ કરવામાં આવેલ છે અને જેની અંદાજીત રકમ રૂ.૪૦,૨૫,૦૦૦/- થવા જાય છે જેના કારણે ૧૧.૯૨% ઉંચા ભાવો આવેલ છે જે અન્વયે નેગોસીએશન તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજ કમિશ્નરશ્રી સમક્ષ કરવામાં આવેલ છે જેનું રોજકામ ફાઈલ પાના નં.(C-૨૦) પર સામેલ છે.જે ધ્યાને લેતા પાર્ટીશ્રી શાંતિ કન્સ્ટ્રક્શન કંપની ૧૧.૯૨% ઓન ભાવોથી ઘટાડો કરીને ૮% ઓનભાવોથી કામ કરવા સહમત થયેલ છે આથી ટેન્ડર મુજબના ઓફર રૂ.૨૮,૮૪,૭૯,૪૨૬/- (૧૧.૯૨% મુજબ) ને બદલે ૮% ઓનભાવ ગણતરીમાં લેતા નેગોશીએશન બાદનો આખરી થયેલ ઓફર ભાવ રૂ.૨૭,૮૩,૭૭૧૦૫/-(અંકે સત્તાવીસ કરોડ ત્યાંસી લાખ સત્યોતેર હજાર એકસો પાંચ ) પુરાની ખર્ચ મર્યાદામાં આ કામગીરી કરવાની થાય છે.

આ પ્રકરણનું પ્રિ-ઓડીટ મેમા નં ૩૬/૮/૩૦૦/૨૦૧૯-૨૦ તા.૦૩/૦૩/૨૦૨૦ થી કરાવેલ છે.ઈ-ટેન્ડર પ્રકિયા બાદ સદરહુ કામગીરીનું પ્રિ-ઓડીટ કરવામાં આવેલ છે જે અન્વયે ઓડીટ મેમો તથા તેની કરવામાં આવેલ પૂર્તતાના આધારો આ સાથે ફાઈલ પાના નં.(C-૩૨) પર સામેલ છે.

આમ ઉપરોકત સમગ્ર વિગતે આ કામે કોન્ટ્રાક્ટર શાંતી કન્સ્ટ્રકશન કંપની પાસે રે.સ.નં-૨૦૬/૧/૧/P,રેલ્વે ઓવર બ્રીજ પાસે,બેડી વાળી જગ્યામાં EWS-1 પ્રકારના ૧૪૪ તથા EWS-2 પ્રકારના ૧૨૮ આવાસો મળીને કુલ ૨૭૨ આવાસો જેમાં જી+૮ ના ચાર ટાવર, ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી સાથે જેવી કે, સીમેન્ટ રોડ, વોટર સપ્લાય લાઈન, ડ્રેનેજ લાઈન, કમ્પાઉન્ડ વોલ, સ્ટ્રીટ લાઈટ, રિટેનીંગ વોલ વિગેરે રૂ. ૨૭,૮૩,૭૭૧૦૫/-(અંકે સત્તાવીસ કરોડ ત્યાંસી લાખ સત્યોતેર હજાર એકસો પાંચ ) ની ખર્ચ મર્યાદામાં બનાવવાના થાય છે. જેમાં (G+8)ના મળી કુલ ૪ ટાવર તેમજ ૨૩ દુકાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલીટી,RCC રિટેનીંગ વોલ,બોક્સ કલ્વર્ટ,અર્થ ફીલિંગ,એરિયા ડેવલોપમેન્ટ તથા કુલ હાઉસીંગ કારપેટ એરીયા ૯૪૦૨.૪૦ ચો.મી. છે. એરીયા ડેવેલોપમેન્ટ એરિયા-૭૪૫૩.૯૮ ચો.મી. છે.

આ યોજના અંતર્ગત એક ફલેટદીઠ રાજય સરકારશ્રી તરફથી રૂા. ૧.૫૦ લાખ અને કેન્દ્ર સરકારશ્રી તરફથી ૧.૫૦ લાખ ગ્રાંટ મળવાપાત્ર બને છે. બાકી રહેતી રકમ લાભાર્થીઓ પાસેથી આવાસની કિંમત પેટે મહતમ અનુક્રમે રૂા.૩.૦૦ લાખ તથા ૫.૫૦ લાખ પ્રતિ આવાસ વસુલ કરવાની થાય છે. તેમજ મેઈન્ટેનન્સ ડીપોઝીટ અનુક્રમે રૂ.૩૦,૦૦૦/- તથા ૩૫,૦૦૦/-પ્રતિ આવાસ વસુલવાની થાય છે.

Scanned with CamScanner
Created by Universal Document Converter

# જામનગર મહાનગરપાલિકા

(૩)

| આર.એસ.નં.૨૦૬/૧,EWS-૧ તથા EWS-૨ પ્રકારના આવાસો માટે આવક-ખર્ચનું પત્રક | | | નેગોશીએશન બાદના આખરી ભાવ મુજબ થનાર કામનો ખર્ચ |
|---|---|---|---|
| સરકારશ્રીગ્રાન્ટ | ૧૨૮* ૩.00 લાખ(પ્રતિ યુનિટ) | રૂ.૩૮૪00000 | |
| | ૧૪૪* ૩.00 લાખ(પ્રતિ યુનિટ) | રૂ.૪૩૨00000 | |
| લાભાર્થી ફાળો | ૧૪૪* ૩.00 લાખ(પ્રતિ યુનિટ) | રૂ.૪૩૨00000 | |
| | ૧૨૮* ૫.૫0 લાખ(પ્રતિ યુનિટ) | રૂ.૭0૪00000 | |
| | | (A) રૂ.૧૯,૫૨,000,00 | (B) રૂ. ૨૭,૮૩,૭૭,૧૦૫ |
| દુકાનોની હરરાજીથી અંદાજીત આવક | ૨૩*૫.00 લાખ | રૂ.૧૧૫00000 | |
| | | (C)રૂ.૨0,૬૭,000,00 | |
| (B-A)=રૂ.૮,૩૧,૭૭,૧૦૫ ની નાણાકીય જોગવાઈ અન્ય સ્રોતમાંથી કરવાની રહે છે | | | |

આથી (B-A) મુજબની ગણતરી ધ્યાને લેતા આ આવાસ યોજનામાં કુલ રૂ. ૮,૩૧,૭૭,૧૦૫/- (અંકે રૂ.આઠ કરોડ એકત્રીસ લાખ સત્યોતેર હજાર એકસો પાંચ પુરા) ના વધારાના ખર્ચની જોગવાઈ સ્વર્ણીમ જયંતી,શહેરી વિકાસ યોજના,નાણાંપંચ ની ગ્રાન્ટ,સ્વ-ભંડોળ અથવાતો અગાઉની આવાસ યોજનાઓમાં દુકાનની હરરાજીથી થયેલ આવકમાંથી જનરલ બોર્ડ ઠરાવ નં.૫૭ તારીખ.૧૩/૧૨/૨૦૧૮ મુજબના જનરલ બોર્ડ ઠરાવની વિગતે રૂ.૧૫.૬૯ કરોડમાંથી પણ ઉક્ત વધારાના ખર્ચ માટે નાણાકીય સ્તોત્રની વ્યવસ્થા કરવાની રહે છે.

આર.એસ.નં.૨૦૬/૧,બેડી યોજનામાં EWS-1 પ્રકારના ૧૪૪ આવાસોની સામે ૧૦૫ અરજીઓ આવેલ છે જ્યારે સ્ટે.કમિટી ઠરાવ નં.૩૩૦ તારીખ.૧૯/૧૦/૨૦૧૮ ના મુદા નં.(૨) ના પેટા મુદા નં.(૩) માં નક્કી થયેલ નીતિ અનુસાર અગાઉ રે.સ.નં.૧૬ પૈકી ઢીચડા બેડી બંદર રોડ ખાતે એસ્સાર સ્કુલની બાજુમાં EWS-1 પ્રકારના ૩૫૨ આવાસો બનાવવાના કામે ટેન્ડર વેલીડીટી પૂર્ણ થઇ ગયેલ હોવાથી ટેન્ડર રદ કરવાનું તથા લગત એજેન્સીને EMDની રકમ પરત કરી આપવા મંજુર કરવામાં આવેલ છે વધુમાં ઠરાવની વિગતે જણાવ્યા મુજબ રે.સ.નં.૧૬ પૈકીની આવાસ યોજના માટે મહાનગરપાલિકાની ડીપોઝીટ સાથે મળેલ અરજીઓ ૧૧૨ મળવાપાત્ર થયેલ હતી જે અરજીઓ રે.સ.નં./૧ રેલ્વે ઓવર બ્રીજ પાસે નિર્માણ પામનાર આવાસ યોજનામાં સહમતી મેળવી ટ્રાન્સફર કરી આપવા ઠરાવવામાં આવેલ છે તે મુજબ ૧૧૨ અરજીઓ પૈકી ઠરાવ થયા પહેલા ૫૬ અરજદારોએ નિયમોનુસાર અરજી કરી ડીપોઝીટની રકમ પરત મેળવી લીધેલ છે બાકી રહેતા અરજદારોને મેસેજ દ્વારા જાણ કરી સહમતી મેળવી ટ્રાન્સફર કરી આપવામાં આવશે અને જો તેઓ સહમતી આપશે તો આવા ૫૬ અરજદારોની અરજી તથા

Scanned with CamScanner
Created by Universal Document Converter

c59

# જામનગર મહાનગરપાલિકા

(૪)

ઉપલબ્ધ નવી અરજીઓ ૧૦૫ મળીને કુલ અરજીઓ ૧૬૧ થવા પામશે.જો કોઈ ઢીચડા યોજનાના લાભાર્થીઓ સહમતી ના આપે તો હાલ આ યોજના વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક હોય તેથી સત્વરે કામગીરી શરૂ કરાવીએ અને સાથે સાથે આવાસોની સંખ્યા સામે લાભાર્થીઓની ડીમાન્ડ મેળવવા કામ શરૂ થયા બાદ પ્રચાર-પ્રસાર કરી ફરી અરજીફોર્મ મંગાવવાના રહે છે તથા EWS-2 પ્રકારના ૧૨૮ આવાસોની સામે ૧૫૨ અરજીઓ ઉપલબ્ધ થયેલ છે.

વધુમાં જણાવવાનું કે હાલે વર્ષ ૨૦૨૨ સુધીમાં આ યોજનાના લક્ષ્યાંકો પૂર્ણ કરવાના હોય જેથી જે ડીપીઆર સરકારશ્રીમાં મંજુર થયેલ છે પરંતુ કોઈ કારણોસર યોજના શરૂ થયેલ ના હોય તેવા આવાસ યોજનાઓનું આયોજન ડ્રોપ આઉટ કરવામાં આવેલ છે અને ડ્રોપ આઉટ કરવામાં આવેલ આવાસો અન્વયે સરકારશ્રી માંથી રીલીઝ કરવામાં આવેલી ગ્રાન્ટ પરત જમા કરવાની રહે છે. જે અંગે સરકારશ્રીમાં પણ લેખિત રજૂઆત કરેલ છે જે સ્ટે.કમિટી ઠરાવ નં.૩૩૦.તારીખ.૧૯/૧૦/૨૦૧૮ થી ફાઈલ પાના નં.(C-૩૯) થી (C-૪૧) પર સામેલ છે જે મુજબ નીચેની વિગતો ધ્યાને લેવાની રહે છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | વર્ષ-૨૦૧૬-૧૭ ના આયોજન પૈકી હાપા વિસ્તાર EWS-૧ પ્રકારના ૬૭૨ આવાસો માંથી ૧૯૨ આવાસોનું નિર્માણ અને ૪૮૦ આવાસો ડ્રોપ કરવામાં આવેલ છે |
| ૨ | રેવન્યુ સર્વે નં.૧૨૫૫ વાળી જગ્યામાં મંજુર થયેલ DPR મુજબ ૧૨૮ આવાસોમાંથી ૯૬ આવાસોનું નિર્માણ અને ૩૨ આવાસો ડ્રોપ કરવામાં આવેલ છે |
| ૩. | રેવન્યુ સર્વે નં.૧૬ પૈકી ઢીંચડા રીંગ રોડ પરનો સરકારી ખરબામાં EWS-૧ પ્રકારના ૩૫૨ આવાસની સામે પૂરતા પ્રમાણમાં લાભાર્થીઓ મળી શકે તેમ ના હોય અને સરકારશ્રી માંથી લક્ષ્યાંક પૂર્ણ કરવા અથવા આયોજન ન થઇ શકે તેમ હોય તો ડ્રોપ કરવા સુચના મળેલ હોય આથી સદરહુ પ્રોજેક્ટનું આયોજન ડ્રોપ કરવામાં આવેલ છે. |

ઉપરોક્ત સમગ્ર વિગતો ધ્યાને લઈ રે.સ.નં-૨૦૬/૧/૧/P, રેલ્વે ઓવર બ્રીજ પાસે,બેડી વાળી જગ્યામાં EWS-1 પ્રકારના ૧૪૪ તથા EWS-2 પ્રકારના ૧૨૮ આવાસો મળીને કુલ ૨૭૨ આવાસો જેમાં જી+૮ ના ચાર ટાવર તેમજ ૨૩ દુકાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલીટી સાથે જેવી કે, સીમેન્ટ રોડ, વોટર સપ્લાય લાઈન, ડ્રેનેજ લાઈન, કમ્પાઉન્ડ વોલ, સ્ટ્રીટ લાઈટ,RCC રિટેનીંગ વોલ,બોક્સ કલ્વર્ટ,અર્થ ફીલિંગ,એરિયા ડેવલોપમેન્ટ વિગેરે રૂ. ૨૭,૮૩,૭૭,૧૦૫/-(અંકે સત્તાવીસ કરોડ ત્યાંસી લાખ સત્યોતેર હજાર એકસો પાંચ ) ની ખર્ચમર્યાદામાં બનાવવાનું કામ ૮% ઉંચા ભાવથી પાર્ટીશ્રી શાંતી કન્સ્ટ્રકશન કંપની પાસે કરાવવા અંગેની આ દરખાસ્ત મંજુરી અર્થે સ્ટે. કમિટી સમક્ષ રજુ થયેલ છે.

Created by Universal Document Converter
Scanned with CamScanner

C 58

# જામનગર મહાનગરપાલિકા

(૫)

કમિટી રૂબરૂ ચર્ચા થયા અનુસાર નીચેની વિગતે સર્વાનુમતે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) પ્રધાનમંત્રીશ્રી આવાસ યોજના અંતર્ગત રે.સ. નં. ૨૦૬/૧/૧ પી. રેલ્વે ઓવર બ્રીજ પાસે વાળી
જગ્યામાં ઇ.ડબલ્યુ.એસ.-૧ તથા ઇ.ડબલ્યુ.એસ.-૨ ટાઇપના આવાસો બનાવવાનું કામ મંજુર
કરવામાં આવે છે.

(૨) દરખાસ્તની વિગતે અને ખાતાની ભલામણ મુજબ નેગોશીએશન બાદના આ કામ માટે સૌથી ઓછા
આવેલ ભાવોવાળી પાર્ટી **શ્રી શાંતી કન્સ્ટ્રકશન કંપની** પાસે કરાવવાનું તથા આ અંગેનું
રૂા. ૨૭,૮૩,૭૭,૧૦૫/-(અંકે સત્તાવીસ કરોડ ત્યાંસી લાખ સત્યોતેર હજાર એકસો પાંચ ) ની
ખર્ચમર્યાદામાં બનાવવાનું મંજુર કરવામાં આવે છે.

(૩) આ યોજના અંતર્ગત એક ફલેટદીઠ રાજય સરકારશ્રી તરફથી રૂા. ૧.૫ લાખ તથા કેન્દ્ર સરકારશ્રી
તરફથી રૂા. ૧.૫ લાખ ગ્રાંટ મળવાપાત્ર બને છે. બાકી રહેતી રકમ લાભાર્થીઓ પાસેથી આવાસની કિંમત
પેટે મહતમ અનુક્રમે રૂા.૩.૦૦ લાખ અને રૂા. ૫.૫૦ લાખ પ્રતિ આવાસ વસુલ કરવાની થાય છે. તેમજ
મેઈન્ટેનન્સ ડીપોઝીટ અનુક્રમે રૂા.૩૦,૦૦૦/- તથા રૂા.૩૫,૦૦૦/- પ્રતિ આવાસ વસુલ કરવાની થાય
છે જે મુજબ દરખાસ્તની વિગતે આ કામે થનાર ખર્ચ રૂા.૨૭,૮૩,૭૭,,૧૦૫/- જે ધ્યાને લેતા કુલ
રૂા.૮,૩૧,૭૭,૧૦૫/- વધારાના ખર્ચની જોગવાઈ દરખાસ્તમાં જણાવેલ વિગતે કરવાની રહેશે.

(૪) ઉપરોક્ત વિગતે રે.સ. નં. ૨૦૬/૧/૧ પી. રેલ્વે ઓવર બ્રીજ પાસે વાળી જગ્યા ખાતે ઈ.ડબલ્યુ
એસ-૧ ટાઈપના ૧૪૪ તથા ઈ.ડબલ્યુ.એસ.-૨ ટાઈપના ૧૨૮ આવાસો જેમાં જી + ૮ ના ચાર ટાવર
ઈન્ફાસ્ટ્રકચર ફેસીલીટી સાથે જેવી કે, સીમેન્ટ રોડ, વોટર સપ્લાય લાઈન, ડ્રેનેજ લાઈન, કમ્પાઉન્ડ વોલ,
સ્ટ્રીટ લાઈટ,રીટેઈનીંગ વોલ તેમજ ૨૩ દુકાનો, બોકસ કલ્વર્ટ,અર્થફિલીંગ વિગેરે
રૂા. ૨૭,૮૩,૭૭,૧૦૫/- ની ખર્ચમર્યાદામાં બનાવવાના રહેશે.

(૫) ઈ.ડબલ્યુએસ-૧ અને ઈ.ડબલ્યુએસ-૨ મળી કુલ હાઉસીંગ કારપેટ
રહેણાંક યુનિટનો કારપેટ એરીયા ૭૪૫૩.૯૮ ચો.મી.રહેશે
એરીયા ૯૪૦૨.૪૦ ચો. મી. તથા એરીયા ડેવલોપમેન્ટ એરીયા

(૬) ઈડબલ્યુએસ-૧ પ્રકારના ૧૪૪ આવાસો સામે કુલ ૧૬૧ અરજીઓ થવા જાય છે તેમજ ઈડબલ્યુએસ-૨
પ્રકારના ૧૨૮ આવાસો સામે ૧૫૨ અરજીઓ થવા જાય છે. જે મુજબ કામગીરી કરાવવાની રહેશે.

(૭) આ કામે ટેન્ડરમાં સીકયોરીટી,કલીનીગ,ગાર્ડનીગ,લિફ્ટ,ફાયર પ્રોવિઝન,ઈલેકટ્રીક તેમજ કોમન ફેસીલીટી
વિગેરેની સુવિધાની ઓપરેશન તથા મેઈન્ટેનન્સની જવાબદારી લોકાર્પણ થયા બાદ ૩(ત્રણ) વર્ષ સુધી
એજન્સીની રહેશે એવી જોગવાઈ કરવામાં આવેલ છે.જેનો અંદાજીત ખર્ચ રૂા.૪૦,૨૫,૦૦૦/- થવા
જાય છે.જે મુજબ દરખાસ્તની વિગતે મંજૂર કરવામાં આવે છે.

Created by Universal Document Converter
Scanned with CamScanner

C57

# જામનગર મહાનગરપાલિકા

(૬)

(૮) આ કામના ટેન્ડરની શરતો/સ્પેશીફીકેશન આ ઠરાવનો ભાગ ગણાશે અને તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) ઓડીટ નોંધની જે પુર્તતા બાકી રહેતી હોય તો તે પાર્ટીને વર્ક ઓર્ડર આપતા પહેલા પુર્તતા કરાવી લેવાની રહેશે.

(૧૦) આ કામનું ખર્ચ પ્રધાનમંત્રી આવાસયોજના" ના હેડ હેઠળ પાડવાનું રહેશે.

યોગ્ય થવા કમિશ્નરશ્રી તરફ.

(સુભાષ જી. જોષી)
ચેરમેન
સ્ટેન્ડીંગ કમીટી
જામનગર મહાનગરપાલિકા

જામનગર મહાનગરપાલિકા
વહીવટ મંજુરી નં. 102 તા. 23/6/2020

આ સાથે જનરલ બોર્ડ / સ્ટેન્ડીંગ કમીટી ઠરાવ નં. 216 તા. 11/6 મંજુરી આપવામાં આવે છે.

સીટી એન્જીનીયર　　કમિશ્નર

સંકલન અધિકારીશ્રી,
સેક્રેટરી
જામનગર મહાનગરપાલિકા

Created by Universal Document Converter
Scanned with CamScanner

**જામનગર મહાનગરપાલિકા**

સામાન્ય વહિવટ વિભાગ

**નં. જેએમસી/સાવવિ/૧૨/૧૦/રજા મંજુરી/ ૯૭૯ /૨૦૨૧-૨૨**

**તા. ૧૨/૧૧/૨૦૨૧.**

**કાર્યાલય આદેશ :-**

નીચે મુજબની વિગતે અધિકારીશ્રીની રજા મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીનું નામ અને હોદો | રજાનો પ્રકાર | રજાનો સમયગાળો | ચાર્જ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી નિતીનકુમાર આર. દિક્ષીત, નાયબ કાર્યપાલક ઈજનેર, એસ્ટેટ શાખા | સીક લીવ | તા.૧૦/૧૧/૨૦૨૧ થી તા.૩૦/૧૧/૨૦૨૧ | શ્રી દિપક શીંગાળા, નાયબ કાર્યપાલક ઈજનેર, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા |
| ૨ | શ્રી શૈલેષ શિવશંકરભાઈ જોષી, સીટી ઈજનેર, સિવિલ શાખા | સીક લીવ | તા.૧૪/૧૧/૨૦૨૧ થી તા.૧૩/૧૨/૨૦૨૧ | ૧-શ્રી પી.સી. બોખાણી, ઈ.ચા. કાર્યપાલક ઈજનેર-વોટર વર્કસ શાખા પાસે એક્ઝી.ઈજનેર સિવિલ શાખા અને એક્ઝી. ઈજનેર (ડ્રેનેજ), ભુગર્ભ ગટર શાખાનો ચાર્જ રહેશે.<br>૨-શ્રી ભાવેશ જાની, ઈ.ચા. કાર્યપાલક ઈજનેર - પ્રોજ.એન્ડ પ્લા.શાખા પાસે ટી.પી.ડી.પી., ટી.પી.ઓ. અને સ્લમ શાખાનો ચાર્જ રહેશે.<br>૩- ટી.પી.ડી.પી.નાં કન્ટ્રોલીંગ અધિકારી તરીકે શ્રી ડો. ભાર્ગવ બી. ડાંગર, આસી.કમિશ્નરશ્રી(વહિવટ) પાસે રહેશે.<br>૪- ટી.પી.ઓ.નાં કન્ટ્રોલીંગ અધિકારી તરીકે માન. નાયબ કમિશ્નરશ્રી, એ.કે. વસ્તાણી પાસે રહેશે. |

**"નોંધ ઉપર માન.કમિશ્નરશ્રીની મંજુરી અનુસાર"**

12/11/21

**આસી.કમિશ્નર(વ)**

**જામનગર મહાનગરપાલિકા**

## જામનગર મહાનગરપાલિકા
સામાન્ય વહિવટ વિભાગ

**નકલ રવાના :–**

(૧) માન. કમિશનરશ્રી કાર્યાલય
(૨) નાયબ કમિશ્નરશ્રી કાર્યાલય
(૩) આસી.કમિશ્નરશ્રી(વ) અને (ટેકસ)
(૪–૫) એસ્ટા (પ. અને પે.) શાખા
(૬) સિવિલ શાખા
(૭) એસ્ટેટ શાખા
(૮) વોટર વર્કસ
(૯) પ્રોજેકટ એન્ડ પ્લાનીંગ શાખા
(૧૦) સ્લમ શાખા
(૧૧) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા
(૧૨) ટી.પી.ડી.પી. શાખા
(૧૩) ટી.પી.ઓ. શાખા
(૧૪) લગત અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ
(૧૫) લગત ફાઈલે

# જામનગર મહાનગર પાલિકા

તા. ૨૯.૧૧.૨૦૨૧

પ્રતિશ્રી,
મા.સચિવશ્રી,
ગુજરેરા ઓથોરીટી,
૪ થો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧,
ગાંધીનગર

મા. સાહેબશ્રી,

રેફ. - ૧. પ્રોજેકટ રજી. એપ્લીકેશન નંબર-
(PR/JAMNAGAR/JAMNAGAR/GUJRERA/211025/011821)

૨. પ્રોજેકટ રજી. એપ્લીકેશન નંબર-
(PR/JAMNAGAR/JAMNAGAR/GUJRERA/211025/011818)

૩. તા. ૨૬.૧૧.૨૦૨૧ નાં રોજ નાં ઈ-મેઈલ દ્રારા મળેલ પ્રોજેકટ ની Query

વિષય- Query નો જવાબ

---

આપનાં ઈ-મેઈલ દ્રારા મળેલ Query માં આપે જણાવેલ છે કે અમો જામનગર મહાનગરપાલિકા એ અમારાં ઉપરોકત પ્રોજેકટ નું રેરા કાયદા હેઠળ રજીસ્ટ્રેશન લીધા પહેલાં શા માટે બુકીંગ સ્વીકારેલ છે, તે અંગેનું કલેરીફીકેશન આપે માંગેલ છે. આથી આ કલેરીફીકેશન અનવ્યે આપની નીચે મુજબ રજૂઆત કરવાં માંગીએ છીએ.

જામનગર મહાનગરપાલિકા દ્રારા શરૂ કરવામાં આવેલ પ્રોજેકટ પી.એમ.એ.વાય અર્ફોડેબલ હાઉસીંગ સ્કીમ અંતર્ગત આવાસ યોજના નો પ્રોજેકટ છે. આ અંગે જામનગર મહાનગરપાલિકા ની કોર કમિટી દ્રારા જયારે પ્રોજેકટ મંજૂર કરવામાં આવે ત્યાર બાદ અધિકૃત બેંક માં તેના ફોર્મ વિતરણ કરવામાં આવે છે અને યોજના નાં બ્રોશર પણ આપવામાં આવે છે. એક નિશ્ચિત સમય મર્યાદા પછી આવેલાં ફોર્મસ નો ડ્રો કરવામાં આવે છે, અને આવાસો ની ફાળવણી કરવામાં આવે છે.

રેરા કાયદા અંતર્ગત પ્રોજેટ રજીસ્ટ્રેશન કરાવ્યા પહેલાં પ્રોજેકટ ની જાહેરાત તથા બ્રોશર ની વહેંચણી કરી શકાતી નથી, તે બાબતે અમો અજાણ હતાં. કોર કમિટી દ્વારા પ્રોજેકટ એપ્રૂવ કરાયાં બાદ તથા જામગનર મહાનગરપાલિકા ની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા બિલ્ડીંગ પ્લાન એપ્રૂવ કરાયાં બાદ, રેરા રજીસ્ટ્રેશન ની કાર્યવાહી શરૂ કરવાં માટે અને પ્રોજેકટ રજીસ્ટ્રેશન ની ફી ભરવાં માટે અમો એ શહેર નાં કમિશ્નર સાહેબશ્રી ની મંજૂરી લેવાની રહે છે. આ પ્રક્રિયામાં ટાઈમ લાગતો હોવાથી પ્રોજેકટ રજીસ્ટ્રેશન ની એપ્લીકેશન કરવામાં વિલંબ થાય છે.

આથી આપ સાહેબશ્રી ને અમારી વિનંતી છે કે અમારી ઉપરોકત દર્શાવેલ હકકીકતો ને ધ્યાને લઈને અમારી ભૂલ ને દરગુજર કરશો અને આ સાથે અમો આપને ખાતરી આપીએ છીએ કે હવે પછીનાં પી.એમ.એ.વાય અર્ફોડેબલ હાઉસીંગ સ્કીમ અંતર્ગત આવાસ યોજના નાં પ્રોજેકટ રજીસ્ટ્રેશન એપ્લીકેશન કરતાં પહેલાં અમો કોઈ યુનિટ નું બુકીંગ કરશું નહી તથા જાહેરાત પણ કરશું નહી.

આપ સાહેબશ્રી ને વિનંતી છે કે અમારી આ દરખાસ્ત ને માન્ય રાખી પ્રોજેકટ રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા આગળ વધારશોજી.

આભાર સહ,

જામનગર મહાનગરપાલિકા વતી,

CITY ENGINEER
JAMNAGAR MUNICIPAL CORPORATION

---------------------

ભાવેશ જાની
સીટી એન્જીનીયર